GJSK030026192021

દાખલ તારીખ :– ૦૩–૦૮–૨૦૨૧
રજીસ્ટર તારીખ:–૦૩–૦૮–૨૦૨૧
ફેંસલ તારીખ :– ૦૧–૦૬–૨૦૨૬
અવધિ:– ૪ વર્ષ ૯–માસ ૨૯–દિવસ

**પ્રાંતિજના મે.એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ શ્રી**

**(આઈ.એમ.શેખ) સાહેબની અદાલત સમક્ષ,મુકામ – પ્રાંતિજ**

ફોજદારી કેસ નં.૨૪૧૩/૨૧

આંક :

**ફરીયાદી :** શ્રી સરકાર

વિરૂધ્ધ

**આરોપીઓ:** ૧. જગદીશકુમાર લચ્છુમલ કિમતાણી

૨. મનહરભાઈ લચ્છુમલ કિમતાણી

આ.નં.૧રહે.ગજાનંદ સોસાયટી પ્રાંતિજ,

આ.નં.ર રહે. સ્વામીનારાયણ સોસાયટી પ્રાંતિજ

,તા.પ્રાંતિજ,જી.સાબરકાંઠા.

**ગુન્હો : ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબ.**

---

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી કે.એ.પટેલ
આરોપીઓ તરફે વિ.વ.શ્રી–આર.કે.બ્રહમભટ્ટ

---

## -: ઠરાવ :-

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી ઓએ તા.૨૨/૦૫/૨૧ ના કલાક-૧૦/૦૦ વાગે મોજે-પ્રાંતિજ હજામચોરા વિસ્તારમાં ફરીયાદીની દુકાનની બાજુમાં આવેલ રસ્તા બાબતે મનદુખ થયેલ હોય જે મન દુખના કારણે આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદી તથા સાહેદ કરણકુમાર ને બિભત્સ ગાળો આપી સાહેદ કરણકુમારને ગડદાપાટુંનો મૂંઢ માર મારી બંને આરોપીઓએ ફરીયાદી તથા સાહેદને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરી ભારતીય દંડ સંહીતા ની કલમ- ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબ નો ગુન્હો આ અદાલતની હકુમતમાં કરતા આરોપીઓ વિરુધ્ધ ફરીયાદી એ ફરીયાદ નોંધાવેલ છે. તપાસ કરનાર અમલદારે જરુરી પંચનામાં કરી, લાગતા-વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપીઓ વિરુધ્ધના ગુનાની તપાસ કરી હાલનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

**(૨)** આ કામના આરોપીઓને સમન્સની ધોરણસર બજવણી થઈ જતાં આરોપીઓ અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો મળ્યા બાદ આરોપીઓની સામે આંક-૮ થી તહોમતનામું ફરમાવેલ છે. સદર તહોમતનામામાં આરોપી ઓએ આંક-૯ થી આંક-૧૦ના નિવેદનમાં આક્ષેપિત ગુન્હાનો ઈન્કાર કરેલો છે. ત્યાર બાદ સદર કામ આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ફરીયાદપક્ષ તરફે આ કામે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

## :: મૌખિક પુરાવો ::

(૧) આંક-૧૭ ફરીયાદી કિરીટકુમાર જયંતીલાલ મોદીની જુબાની

(૨) આંક-૨૧ સાહેદ કરણકુમાર કિરીટભાઈ મોદીની જુબાની

(૩) આંક–૨૩ સાહેદ હરેશકુમાર જયંતીલાલ મોદીની જુબાની

(૪) આંક–૨૭ પંચ સાહેદ ભવાનસિંહ રતનસિંહ રાઠોડની જુબાની

(૫) આંક–૨૯ પંચ સાહેદ દિપસિંહ તલસિંહ રાઠોડની જુબાની

(૬) આંક–૩૪ ત.ક.અ. પ્રણવકુમાર ગોરધનભાઈ ની જુબાની

**:: દસ્તાવેજી પુરાવો ::**

(૧) આંક–૧૮ પી.આઈ.શ્રીને કુરીયર દવારા મોકલાવેલ અરજી

(૨) આંક–૧૯ ફરીયાદ

(૩) આંક–૨૮ ગુનાવાળી જગ્યાનું પંચનામું

**(૪)** ત્યાર બાદ ફરિયાદી પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીઓનું ક્રિ. પ્રો. કો. કલમ :– ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે તેઓ નિર્દોષ છીએ દિવાની દાવામાં દબાણ લાવવા ખોટી ફરીયાદ કરેલ છે.

ત્યાર બાદ આરોપીઓ સામેના કેસ સંદર્ભે પ્રોસીકયુશન તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપીઓ તરફે આરોપીઓના વિ. વકીલશ્રી ની લંબાણ પુર્વકની દલીલો ધ્યાને લેવામાં આવેલ છે.

**(૫)** હાલના કામે રજુ થયેલ તમામ પુરાવોના આધીન કેસના આખરી નિકાલ સારુ નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થિત થયેલ છે.

**–: મુદૃાઓ :–**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૨૨/૦૫/૨૧ ના કલાક–૧૦/૦૦ વાગે મોજે–પ્રાંતિજ હજામચોરા વિસ્તારમાં ફરીયાદીની દુકાનની બાજુમાં આવેલ રસ્તા બાબતે મનદુખ થયેલ હોય જે મન દુખના કારણે આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદી તથા સાહેદ કરણકુમાર ને બિભત્સ

ગાળો આપી સાહેદ કરણ કુમારને ગડદાપાટુંનો મૂંઢ માર મારી બંને આરોપીઓએ ફરીયાદી તથા સાહેદ ને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરી ભારતીય દંડ સંહીતા ની કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હો આ અદાલત ની હકુમતમાં કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દા અંગેના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) અંશત:હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૭)** ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**–: કારણો :–**

**(૮) મુદ્દા નંબર–૧ :–**

**(૯)** ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે, જયારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચું જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જયાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટું બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદપક્ષ ધ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ પર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોકકસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે દરેક કેસની હકીકતો, પુરાવો

આજુબાજુના પરીબળો તે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. **<u>નામદાર સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિરૂધ્ધ લેખરાજ [૨૦૦૦ સુપ્રિમકોર્ટ કેસીસ ર૪૭ (ક્રિમીનલ)]</u>** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ જયારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ, તમામ પરીબળો તેમજ ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય ત્યારે તેમાં વિરોધાભાસ, અતિરેકના કારણે ફરીયાદપક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે, કારણ કે કયારેક આવી વિસંગતતા, વિરોધાભાસ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી બેસે. નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને મુલ્યાંકન કરવું જોઈએ, માત્ર ટેકનિકલ કારણોસર આખોય પુરાવો ડીસ્કાર્ડ કરવો જોઈએ નહી. સાહેદે ઓપેલી જુબાની કઈ પરિસ્થિતિમાં આપેલ છે, કઈ પરિસ્થિતિમાં બનાવ વખતના પરિબળો, કેવા સંજોગોમાં જુબાની આપેલ છે તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મુલ્યાંકન કરવું જોઈએ.

**(૧૦)** સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું અદાલત માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

**<u>-::પુરાવાનું મુલ્યાંકન::-</u>**

**(૧૧).** હવે, આ કામે આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો ઈ.પી.કો કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબનો છે. જે અંગે સૌપ્રથમ ઈ.પી.કો.

કલમ–૩૨૩ની જોગવાઈ અને આવશયક તત્વો ધ્યાને લેતા જે નીચે મુજબ છે.

જે કોઈ વ્યકિત સ્વેચ્છાપુર્વક વ્યથા કરે, તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની , અથવા એક હજાર રૂપિયા સુધીની દંડની અથવા તે બન્નેની શિક્ષા કરવામાં આવશે. કલમ–૩૨૩ ના આવશ્યક તત્વો નીચે મુજબ છે.

**<u>કલમ–૩૨૩ ના આવશ્યક તત્વો:–</u>**

(૧). આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશકિત નિપજાવ્યા,

(૨). આવુ કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપુર્વક કર્યુ હતું.

વધુમાં આ કામે આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪નો આક્ષેપિત ગુન્હો છે જે ગુનાની કાયદાકીય જોગવાઈઓ વંચાણે લ ેવી જરૂરી છે.

**<u>કલમ–૫૦૪ સુલેહ ભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદાથી અપમાન:–</u>**

ઈ.પી.કો.ની કલમ–૫૦૪ ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુન્હો કરી બેસે તેવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહ શાંતિ નો ભંગ કરશે અથવા કરી બેસશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં, કોઈ વ્યકિત ઈરાદા પુર્વક અન્ય વ્યકિતનું અપમાન કરીને, તેને એવા ઉશકેરાટનું કારણ આપે તેવી જોગવાઈ આ કલમમાં દર્શાવવામાં આવેલ છે.

**<u>કલમ–૫૦૪ ના આવશ્યક તત્વો:–</u>**

(૧). આરોપીઓએ ઈરાદા પુર્વક કોઈ વ્યકિતનું અપમાન કર્યુ.

(૨). તેમ કરીને આરોપીઓ તે વ્યકિતને ઉશ્કેરવા માંગતી હતી,

(૩). આરોપીઓ જાણતા હતા કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહ શાંતિ ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

વધુમાં આ કામે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ– ૫૦૬ (૨) નો આક્ષેપિત ગુનો છે જે ગુનાની કાયદાકીય જોગવાઈ વંચાણે લેવી જરૂરી છે.

**<u>કલમ–૫૦૬(૨) ગુનાહિત ધમકીની સજા:–</u>**

કોઈપણ વ્યકિત, ગુનાહિત ધમકી આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગર કરવાની હોય અને જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા આજીવન કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવાની હોય અથવા સ્ત્રી પર ચારિત્ર્યહિનતાનો આક્ષેપ કરવાની હોય તો તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

**(૧૨)** આ કામે આંક–૧૭ થી ફરીયાદી કિરીટકુમાર જયંતીલાલ મોદીનાઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે,''બનાવ ગઇ તા. ૨૨/૦૫/ ૨૦૨૧ ના રોજ સવારે દસ વાગે બનેલો. બનાવમાં ઝગડો થયેલો. બનાવમાં મારી દુકાનની પૂર્વ દિશામાં માલસામાન લઇ આવવા જવા માટે બારણુ આવેલ છે અને આ બારણાથી અમારી દુકાનનો માલસામાન લાવવા લઇ જવા માટે ઉપયોગ કરીએ છીએ. ગઇ તા.૨૨/૦૫/૨૦૨૧ ના રોજ મારો દિકરો કરણકુમાર કિરીટકુમાર મારી દુકાનના પૂર્વ દિશાના બારણા આગળ એકિટવા નં. જી.જે.૦૯ સી.એસ.૪૯૫૭ મુકી અને દુકાનમાં **માલ**

**લાવતો હતો તે દરમ્યાન આરોપી જગદીશકુમાર લચ્છુમલ કિમતાણી તથા મનહરભાઇ લચ્છુમલ કિમતાણી એ એકિટવાને લાત મારી પાડી દિધેલ તેમજ મારા પુત્રને પૂર્વ દિશાના બારણાથી દુકાનમાં માલ લાવતા અટકાવેલો.** જેથી મારા પુત્રએ આરોપીઓને કહેલ કે આ જગ્યા અમારી માલીકીની છે તો તમે શા માટે વાંધે ઉઠાવો છો એવુ કહેતા બંને આરોપીઓ એકદમ ઉશ્કેરાઇ ગયેલા અને મા-બેન સામી બિભત્સ ગાળો બોલી **મારા પુત્ર ઉપર ઓચિંતો ઘાતક હુમલો કરી ગડદાપાટુનો માર મારવા લાગેલા જેથી મારા પુત્રએ બુમાબુમ કરતા હુ તથા હરેશકુમાર જયંતીલાલ મોદી તથા સંજયકુમાર વિક્રમસિંહ રાઠોડ વચ્ચે પડી મારા પુત્રને વધુ મારમાંથી બચાવેલો.** બંને આરોપીઓ જતા જતા એમ કહેતા હતા કે, આ રસ્તાનો તેમજ બારણા નો માલસામાન લાવવા લઇ જવા માટે હેરફેર કરીશ તો તમોને જાનથી મારી નાંખીશુ તેવી ધમકી આપેલી. બીજી એવી ધમકી આપતા હતા કે, અમો બંને ભાઇઓને દુકાને મોકો મળતા દુકાનો સળગાવી દઇશુ. બીજા આરોપી મનહરભાઇ લચ્છુમલ કિમતાણીએ કહેલ કે, આ ઇલાકો અમારી માલીકીનો છે તેવુ કહ્યા કરતા હતા અને આરોપી નં.૧ જગદીશકુમાર લચ્છુમલ કિમતાણીને મદદગારી કરતા હતા અને જગદીશકુમાર લચ્છુમલ કિમતાણી તેમનું સ્કુટર મુકી અમોને દુકાનમાં માલસામાન લાવતા અવરોધ કરતા હતા. બનાવ બન્યો તે પહેલા પણ કરતા હતા અને હાલ પણ કરે છે. તા.૨૨/૦૫/૨૦૨૧ ના રોજ બનાવ બનેલો ત્યારે અમોએ પ્રાંતિજ પો.સ્ટે. પી.આઇ.શ્રીને એક અરજી કુરીયર દ્વારા મોકલાવેલી અને જે અરજીની અસલ નકલ આજરોજ મને બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે તેમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક-૧૮ આપવામાં આવે છે તેમજ પ્રાંતિજ પો.સ્ટે.માં નોંધવામાં આવેલ અસલ એફ.આઇ.આર. આજરોજ મને બતાવવામાં

આવે છે તે જોઇને કહુ છુ કે તેમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક-૧૯ આપવામાં આવે છે. આરોપીઓને હુ જોયેથી ઓળખુ છુ જેઓ આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે.

આરોપી તરફેની ઉલટતપાસમાં ફરીયાદી એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવવાળી જગ્યાએથી ભાંખરીયા પોલીસ ચોકી આશરે ૪૦૦ ફુટ દુર આવેલી છે. મારી દુકાન ભરચક એરીયામાં આવેલી છે અને ત્યાં ઘણા બધા લેકાની અવર જવર રહે છે. મારી દુકાનનો મુખ્ય દરવાજો દક્ષિણ દિશામાં પડે છે.મારી દુકાન અને હાલના આરોપીઓના ભાઇ રાજુભાઇની દુકાનની વચ્ચે રસ્તો આવેલો છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે રાજુભાઇ ગુજરી ગયેલ છે. મારી દુકાનથી ચોથા નંબરની દુકાન મારા ભાઇ હરેશભાઇની આવેલી છે.બનાવ સમયે બધાની દુકાનો ખુલ્લી હતી. ત્યાં આવેલ સૌથી જુની કરીયાણાની દુકાન મારા પિતાજીની આવેલ છે અને તે મારા ભાઇ હરેશભાઇ ચલાવે છે. હુ જે દુકાનમાં વેપાર કરૂ છુ તે દુકાન મે કમળાબેન જયંતીલાલ મોદી પાસેથી વેચાણ રાખેલ છે. હાલના બનાવ બાદ મે તા.૨૨/૦૫/૨૦૨૧ ના રોજ સાડા દસ વાગે પોલીસ ફરીયાદ આપેલી. મે તા.૨૨/૦૫/૨૦૨૧ ના રોજ લેખીત ફરીયાદ પોલીસને આપેલી. એ ફરીયાદ હાથેથી લખીને પોલીસને આપેલી. હવે કહુ છુ કે તા.૨૨/૦૫/૨૦૨૧ ના રોજ અમારા વકીલ મારફતે લખાવી કુરીયરથી પોલીસને મોકલોવલ. તા.૨૨/૦૫/૨૦૨૧ ના રોજ અમે વકીલ પાસે આશરે ત્રણ વાગેની આસપાસ ગયેલા. હવે કહુ છુ કે અગીયાર વાગેની આસપાસ ગયેલા. અમે વકીલ સાહેબના ઘરે ગયેલા અને ત્યાં લગભગ બે કલાક જેટલુ રોકાયેલા. આજ વકીલશ્રી દ્વારા અમોએ રસ્તા બાબતનો દાવો પ્રાંતિજ કોર્ટમાં કરેલ છે. બનાવના દિવસે સાંજે પાંચ વાગે અમે બંને ભાઇઓ વકીલશ્રી દ્વારા તૈયાર કરેલ લેખીત

ફરીયાદ લઇ પ્રાંતિજ પો.સ્ટે. ગયેલા. અમોએ ફરીયાદ બનાવના બીજા દિવસે કુરીયરથી મોકલાવેલી. બનાવના બીજા દિવસે પોલીસ બનાવસ્થળે આવેલી અને અમે ત્યાં તેઓને બનાવ વિશે લખાવેલુ અને બનાવવાળી જગ્યા બતાવેલી. બનાવ બાદ મારા છોકરાએ કયાંય સારવાર મેળવેલ નથી. **સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા દિકરાને બેઠો માર વાગેલો.** હુ મારી દુકાનમાં મારી સીટ પર બેઠેલો હોય તો પૂર્વ દિશાના દરવાજા આગળ શુ બને તે હુ જોઇ શકુ નહી. બનાવ વખતે આશરે દસેક માણસો ત્યાં ભેગા થયેલા તે લોકો રસ્તા પરથી પસાર થતા માણસો હતા.મે જે દુકાન વેચાણ રાખેલ છે તેની માલીકી આરોપીઓના કાકા-બાપાની હતી. સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે તેમની પાસેથી રેવાભાઇ રામાભાઇ પ્રજાપતિએ લીધેલી. મે પોલીસને આ રસ્તા કે દરવાજા બાબત નો કોઇ દસ્તાવેજ આપેલ નહી. હુ અને આરોપીઓ કરીયાણાનો ધંધો કરીએ છીએ. હુ પહેલાથી કરીયાણાનો ધંધો કરતો હતો અને મારા બાદ આરોપીઆ ેએ કરીયાણાનો ધંધો ચાલુ કરેલો.આરોપી જગદીશભાઇને મોઢાનું કેન્સર છે.

**(૧૩)** આ કામે આંક-૨૧ થી સાહેદ કરણકુમાર કિરીટભાઈ મોદી પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે,''બનાવ તા.૨૨/૦૫/૨૦૨૧ ના રોજ બનેલો. બનાવ સમયે સવારે દસ વાગે હુ મારી દુકાનના પૂર્વ દિશાના બારણા આગળ મારૂ એકિટવા નં.જી.જે.૦૯ સી.એસ.૪૯૫૭ ઉપર દુકાનનો માલસામાન લઇ આવેલ અને દુકાનની બાજુમાં આવેલ રસ્તા ઉપર ઉભેલ હતો તેવામાં **જગદીશકુમાર કિમતાણી તથા તેમના ભાઇ મનહરભાઇ કિમતાણી આવી ગયેલ અને મારી એકિટવાને લાત મારી પાડી દિધેલ અને માલસામાન લઇ જતા અટકાવેલ અને મે કહેલ**

**કે મને આ ખુલ્લી જગ્યામાંથી માલસામાન લઇ જતા કેમ અટકાવો છો તેમ કહેતા તેઓ ઉશ્કેરાઇ ગયેલા અને મને મા-બેન સમી બિભત્સ ગાળો બોલવા લાગેલા અને ઓચિંતો ગડદાપાટુનો માર મારવા લાગેલા અને હુ બુમાબુમ કરવા લાગેલ**ો જેથી મારા પિતા કિરીટભાઇ તથા હરેશભાઇ જયંતીલાલ તથા રાઠોડ વિક્રમસિંહ સંજયસિંહે મને વધુ મારમાંથી બચાવેલો અને આ લોકો જતા જતા કહેવા લાગેલા કે આ રસ્તાનો માલસામાન લઇ જવા ઉપયોગ કરશો તો જાનથી મારી નાંખીશુ તેવી ધમકી આપેલી. બનાવની ફરીયાદ મારા પિતાએ આપેલી. પોલીસે મારૂ નિવેદન તા.૩૦/૦૫/૨૦૨૧ ના રોજ લીધેલું. આરોપીઓને હુ જોયેથી ઓળખુ છુ જેઓ આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે. આ બનાવમાં મે કોઇ સારવાર લીધેલી નહી.

આરોપી તરફેની ઉલટતપાસમાં સાહેદ એ હકીકત કબુલ રાખેલ છે કે, મે મીકેનીકલ એન્જીનિયરીંગ ડીગ્રીનો અભ્યાસ કરેલો છે. અમે જે દુકાન ખરીદેલી છે તે આ કામના આરોપીઓના કાકાની દુકાન છે. મારી હાલની ઉંમર ૨૬ વર્ષની છે. બનાવ બાબતે હુ મારા પિતા સાથે ફરીયાદ કરવા ગયેલો. હુ મારા પિતા સાથે ફરીયાદ કરવા ભાંખરીયા પોલીસ ચોકી ગયેલો. હુ ફરીયાદ આપવા તા.૨૨/૦૫/૨૦૨૧ ના રોજ ગયેલો. પોલીસે મારી કોઇ ફરીયાદ લીધેલી નહી. પોલીસે અમારી ફરીયાદ ના લેતા અમે સીધા અમારા ઘરે આવેલા. ત્યારબાદ અમે સાંજના પાંચ વાગે વકીલ સાહેબના ઘરે ગયેલા. અમો જે વકીલના ઘરે ગયેલા તે વકીલનું નામ વાઘેલા સાહેબ છે. મારા પિતાએ આરેપીઓ સામે દિવાની દાવો કરેલ છે તેમાં પણ અમારા વકીલ વાઘેલા સાહેબ છે. બનાવ સવારે ૧૦ વાગે બનેલો. સવાલઃ તમે તમારા નિવેદનમાં પોલીસે તમારી ફરીયાદના લીધી તે અંગે લખાવેલ નથી? જવાબઃ

પોલીસે ફરીયાદ ના લેતા અમે ફરીયાદ કુરીયરથી મોકલાવેલ. પોલીસે મારૂ કોઇ લેખીત નિવેદન લીધેલુ નહી. સવાલઃ બનાવવાળુ સ્થળ એ રસ્તા પૈકીની જગ્યા છે?જવાબઃ પ્રાઇવેટ સ્ટ્રીટ પર આવેલ છે.આ પ્રાઇવેટ સ્ટ્રીટની માલીકી કોની છે તેની મને ખબર નથી. બનાવવાળુ સ્થળ રસ્તામાં આવતા જતા લોકો જોઇ શકે તેવી જગ્યા પર આવેલુ છે. સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે કોરોનાની મહામારી ચાલતી હોઇ બજારમાં બહુ પબ્લિક હતી નહી. મારા કાકા હરેશકુમારની દુકાન અમારી દુકાનથી આશરે ૨૦૦ ફુટના અંતરે આવેલી છે. સવાલઃ તમારા કાકાની દુકાનથી બનાવવાળુ સ્થળ સ્પષ્ટપણે જોઇ શકાય નહી?જવાબઃ કાકાની દુકાનનુ બારણુ અને અમારૂ બારણુ સામસામે આવેલુ છે.આ સામસામે બારણાઓની વચ્ચે આરોપીઓની બે દુકાનો આવેલી છે. તે ચારેય દુકાનોના મુખ્ય દરવાજા ઉત્તર દિશામાં પડે છે. મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં મને શરીરે કઇ જગ્યાએ ઇજા થયેલી તેવી કોઇ હકીકત લખાવેલી નહી.અમારે આ રસ્તા બાબતની તકરાર વર્ષોથી ચાલે છે. સવાલઃ રસ્તા બાબતે તમારા વચ્ચે કોઇ તકરાર થયેલી નહી? જવાબઃ

આરોપી અમારી દુકાનના પૂર્વે આવેલા બારણા તરફ એકિટવા મુકી અડચણ ઉભી કરતા હતા અને હાલમાં પણ કરે છે.

**(૧૪)** આ કામે આંક–૨૩ થી સાહેદ હરેશકુમાર જયંતીલાલ મોદી પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે,''બનાવ તા.૨૨/૫/૨૦૨૧ ના રોજ સવારે ૧૦:૦૦ વાગે બનેલો. બનાવની ફરીયાદ મોદી કીરીટકુમાર જયંતીલાલે આપેલી. આ ફરીયાદ જગદીસકુમાર લચ્છુરામ કીમતાણી તથા તેમના ભાઈ મનહરભાઈ લચ્છુરામ કીમતાણીનાઓની સામે આપેલી. પોલીસે મારુ નિવેદન **તા.૩૦/૫/૨૦૨૧ ના રોજ લીધેલુ. બનાવ સમયે હુ મારી દુકાને હાજર હતો. ત્યારે બુમાબુમનો અવાજ થતા હુ તથા મારી દુકાનમા**

**કામ કરતો માણસ સંજયસિહ વિક્રમસિહ રાઠોડ અમો બંને ત્યા ગયેલા અને ત્યા મોટાભાઈ કીરીટભાઈ પણ ત્યા આવી ગયેલા અને જોયેલ તો મારા મોટાભાઈ ના દિકરા કરણકુમાર ને જગદીશભાઈ તથા તેમના ભાઈ મનહરભાઈ બંને જણા ગડદાપાટુનો માર મારતા હોઈ તેમજ મા–બેન સામે બીભત્સ ગાળો બોલતા હતા. ત્યારબાદ મે આ લોકોને છોડાવેલા.** આ બંને જણા જતા જતા મારા ભત્રીજાને કહેતા હતા કે આજે તો બચી ગયો છે પણ હવે પછી રસ્તામા કઈ માલસામાન લઈ નીકળશો તો જાનથી મારી નાખીશુ તેવી ધમકીઓ આપતા આપતા જતા રહેલા. આ બનાવ બાબતે મારા ભત્રીજા કરણને પુછતા જણાવેલ કે હું મારી એકટીવા નં.જી.જે.૯.સી.એસ.૪૯૫૭ ઉપર દુકાન નો માલસામાન લઈ આવેલ અને દુકાનની બાજુમા રસ્તા ઉપર ઉભો હતો ત્યારે બંને ભાઈઓ આવી ગયેલા અને મા–બેન સામે બીભત્સ ગાળો બોલતા હતા, બંને જણા ગડદાપાટુનો માર મારતા અને એવુ કહેલુ કે મોકો મળતા દુકાન સળગાવી નાખીશ તેવુ કહેલુ. આરોપીઓને હુ ઓળખુ છુ આજરોજ કોર્ટમા હાજર નથી.''

આરોપી તરફેની ઉલટતપાસમાં સાહેદ એ હકીકત કબુલ રાખેલ છે કે, મારા નામે આ કામના આરોપીઓ વિરુધ્ધ પ્રાંતિજ કોર્ટમા દીવાની દાવો ચાલુ છે. મારી દુકાનેથી ભાખરીયા પોલીસચોકી સો મીટરના અંતરે આવેલી છે. મારા ભાઈની દુકાન તથા આરોપીઓની દુકાન વચ્ચે પ્રાઈવેટ સ્ટ્રીટનો રસ્તો આવેલો છે. સદરહું પ્રાઈવેટ સ્ટ્રીટનો રસ્તો મુખ્ય બજારમા પડે છે. સવાલ : મુખ્ય બજારમા રસ્તા પર ઘણા બધા લોકોની અવરજવર હોય છે? જવાબ : કોરોનાના કારણે રસ્તા પર કોઈ અવરજવર રહેતી ન હતી. અમે વકીલસાહેબને હકીકત જણાવેલ અને તેમણે જે ફરીયાદ ટાઈપ કરી આપેલ તે લઈને પોલીસ સ્ ટેશન ગયેલા. ફરીયાદ આપવા હુ, મારા મોટા ભાઈ અને ભત્રીજો કરણકુમાર

એમ ત્રણ જણ ગયેલા. બનાવ સમયે અમારા ઘરના લોકો સિવાય અન્ય કોઈ ત્રાહીત લોકો ભેગા થયેલા નહી. આ બનાવ કોઈ ત્રાહીત વ્યકિતએ નજરોનજર જોયેલ નહી તેવા સવાલના જવાબમા જણાવુ છુ કે કોઈકે જોયેલ તો હશે પણ અત્યારે યાદ નથી. મારા મોટા ભાઈ બનાવના દિવસે ખેડબ્રહમા સી.એચ.સી.મા તેમની ફરજ પર હાજર હતા.

**(૧૫)** ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા સારું આંક–૨૭ થી પંચસાહેદ ભવાનસિંહ રતનસિંહ રાઠોડને તથા આંક–૨૯ થી પંચ સાહેદ દિપસિંહ તલસિંહ રાઠોડને તપાસેલ છે. જેમાં બનાવ ૨ વર્ષ પહેલા બનેલો બનાવ સમયે તેઓ ભાખરીયા બસ સ્ટેન્ડ ખાતે હાજર હતા ત્યારે પોલીસે એક તૈયાર કાગળમાં સહી કરાવેલી તે સિવાય તેઓ કંઈ જાણતા નથી. જેઓને ગુનાવાળી જગ્યાનું પંચનામું બતાવવામાં આવે છે. જેઓ આંક–૨૮ ના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદ ફરીયાદ હકીકતને સમર્થનકારી હકીકત જણાવતા ન હોય વિદ્ધાન એ.પી.પી.શ્રીની વિનંતીથી આ સાહેદને વિમુખ થયેલા સાહેદ તરીકે જાહેર કરવામા આવેલા છે પણ તેમ છતા સમર્થન કરતા નથી.

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, પોલીસ ે તેઓને એક તૈયાર પંચનામામાં સહી કરાવેલી એ સિવાય તેઓ કંઈ જાણતા નથી. જયારે તેઓએ સહી કરી ત્યારે પોલીસના માણસો સિવાય ત્યાં બીજુ કોઈ હાજર ન હતું.

**(૧૬)** આ કામે આંક–૩૪ થી ત.ક.અ. પ્રણવકુમાર ગોરધનભાઈ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે,ગઇ તા.૩૦/૦૫/૨૦૨૧ ના રોજ હુ પ્રાંતિજ પો.સ્ટે.માં અ.હે.કો. તરીકે ફરજ બજાવતો હતો. તે દરમ્યાન પ્રાંતિજ પો.સ્ટે.માં ફરીયાદી કિરીટભાઇ જયંતીલાલ મોદી, રહે .પ્રાંતિજનાઓએ

ઇ.પી.કો.કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબની ફરીયાદ આરોપીઓ વિરૂધ્ધ આપેલી જે ફરીયાદ પી.એસ.ઓ. કાલીન્દીબેન અશોકભાઇનાઓએ સ્ટે.ડા. નં.૨૦/૨૦૨૧ થી નોંધેલ અને જે ફરીયાદ મુજબ આરોપીઆ ેએ ફરીયાદીની દુકાનની બાજુમાં આવેલ રસ્તા બાબતે મનદુઃખ હોઇ જે મનદુઃખના કારણે આરોપીઓ એકદમ ઉશ્કેરાઇ જઇ ફરીયાદી કિરીટભાઇ તથા સાહેદ કરણકુમારને બિભત્સ ગાળો આપી સાહેદ કરણકુમારને ગડદાપાટુનો મુઢમાર મારી ધમકીઓ આપેલી એ બાબતની ફરીયાદ પી.એસ.ઓ.એ નોંધી અમોને સોંપતા આ કામે તપાસ સંભાળી લઇ આ કામે ગુનાવાળી જગ્યાનું પંચોના લખાવ્યા મુજબનું તા.૩૦/૦૫/૨૦૨૧ કલાક ૧૭/૪૫ થી ૧૮/૧૫ સુધીનું કેરલ તેમજ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને આ કામના આરોપી જગદીશકુમાર લચ્છુમલ કિમતાણી, રહે.ગજાનંદ સોસાયટી, પ્રાંતિજ તથા મનહરભાઇ લચ્છુમલ કિમતાણી, રહે. સ્વામીનારાયણ સોસાયટી, પ્રાંતિજનાઓને નોટીસ આપતા તા.૦૨/૦૬/૨૦૨૧ ના કલાક ૧૫/૦૦ વાગે પો.સ્ટે. હાજર થતા નામદાર સુપ્રિમ કોર્ટની ગાઇડલાઇન્સ મુજબની કાર્યવાહી કરેલી અને આ કામે આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવાઓ હોઇ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલું. આરોપીઓ આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી.

આરોપી તરફેની ઉલટતપાસમાં સાહેદ એ હકીકત કબુલ રાખેલ છે કે, ફરીયાદવાળો બનાવ તા.૨૨/૦૫/૨૦૨૧ ના રોજ બનેલો. બનાવની ફરીયાદ તા.૩૦/૦૫/૨૦૨૧ ના રોજ પો.સ્ટે.માં થયેલી. આ કામના ફરીયાદી કે સાહેદોએ હાલની ફરીયાદ મોડી થવા અંગે કોઇ કારણ મારી તપાસ દરમ્યાન જણાવેલુ નહી. ફરીયાદમાં જણાવેલ બનાવવાળુ સ્થળ એ ભરચક બજારમાં આવેલુ છે. બનાવવાળા સ્થળની આજુબાજુ ઘણીબધી દુકાનો આવેલી

છે અને ઘણા બધા લોકોની અવર જવર હોય છે. આ સંજયસિંહ ફરીયાદીની દુકાને નોકરી કરે છે. મારી તપાસ દરમ્યાન કોઇ ઇજા પામનારના સર્ટીફીકેટ મળી આવેલા નહી. મારી તપાસ દરમ્યાન કોઇ ફોટાગ્રાફસ કે વિડીયોગ્રાફીના કોઇ દસ્તાવેજો મળી આવેલા નહી. બનાવવાળા સ્થળની માલીકી અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો મે આ કામે મેળવેલ નહી.બનાવમાં જણાવેલ કોઇ એકિટવા પાડી દઇ તેને નુકશાન કરેલ હોવા અંગે કોઇ પુરાવો મળી આવેલ નહી. બનાવમાં જણાવેલ એકિટવાના માલીકી અંગેનો કોઇ દસ્તાવેજ મળી આવેલા નહી.

**(૧૭)** વધુમાં, ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪નો ગુન્હો શાબ્દિક ઉચ્ચારણનો ગુન્હો છે અને તે અનુસંધાને ફરીયાદપક્ષના કેસના પુરાવાની ચર્ચા કરીએ તે પહેલા ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ ની કાયદાકીય પરિસ્થિતી તથા જોગવાઈ વંચાણે લેતા ફરીયાદપક્ષે આ ગુનો પુરવાર કરવા માટે આરોપીઓ ધ્વારા ચોકકસ કયા શબ્દો બોલાયેલા હતા અને આવા શબ્દો બોલી શાંતિ જોખમાય તેવું હેતુપુર્વકનું અપમાન કર્યુ હતુ તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવી જરૂરી છે. જો ફરીયાદપક્ષ આવી હકીકત પુરવાર ન કરી શકે તો કલમ–૫૦૪નો ગુનો પુરવાર માની શકાય નહી. આ કામે તપાસવામાં આવેલ સાહેદોની તેમની જુબાનીમાં આ કામના આરોપીઓ ધ્વારા કઈ ગાળો બોલેલ અને કેવી રીતે ધમકી આપેલી તે અંગે કોઈ સ્પષ્ટ શબ્દો જણાવતા નથી. તેવા સંજોગોમાં આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપવામાં આવેલ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ મુજબના ગુન્હાના કોઈ જ તત્વો પુરવાર થતા નથી.

**(૧૮)** વધુમાં આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૫૦૬(૨) મુજબના ગુનાનું તહોમત છે તે સંજોગોમાં આરોપીઓ ધ્વારા આપવામાં આવેલ ગુનાહિત

ધમકીથી ફરીયાદી, ઈજા પામનારને તેવી ધમકીના કારણે તાત્કાલીક મૃત્યુની બીક હેઠળ આવી ગયેલ હતા તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવી જરૂરી છે. જો ફરીયાદી આવી હકીકત પુરાવાર કરી શકે નહી તો ભારતીય દંડ સંહિતાની કલમ:– ૫૦૬(૨) હેઠળના ગુના સબબ આરોપી ને તકસીરવાન ઠરાવી શકાય નહી. હાથ પરના કેસમાં ચકાસતા આરોપીએ ફરીયાદી ને ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી આપેલ હોવા અંગનો ફરીયાદમાં જે આક્ષેપ મુકેલ છે. જે સંદર્ભે ફરીયાદીનો સોગંદો પરનો પુરાવો વંચાણે લ ેવામાં આવે તો ફરીયાદી/સાહેદ અદાલત સમક્ષની જુબાનીમાં તેવી કોઈ જ હકીકત જણાવતા નથી. તેવા સંજોગોમાં આરોપી વિરૂધ્ધ આક્ષેપવામાં આવેલ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) મુજબના ગુન્હાના કોઈ જ તત્વો પુરવાર થતા નથી.

**(૧૯)** આમ રજુ થયેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા સદર કેસમાં આંક–૧૭ થી ફરીયાદીને તપાસેલ છે. ફરીયાદીએ તેઓની સરતપાસમાં જણાવે છે કે, આ કામના આરોપી જગદીશકુમાર લચ્છુરામ કિમતાણી તથા મનહરભાઈ લચ્છુરામ કિમતાણીએ એકટીવાને લાત મારીને પાડી દીધેલ તેમજ મારા પુત્રને પુર્વ દિશાના બારણાથી દુકાનમાં માલ લાવતા અટકાવી ને મારા પુત્ર પર ઓચીંતો ઘાતક હુમલો કરી ગડદાપાટુનો માર મારવા લાગેલા મારા પુત્રએ બુમાબુમ કરતા હું અને હરેશકુમાર જયંતીલાલ મોદી તથા સંજય કુમાર વિક્રમસિંહ રાઠોડ વચ્ચે પડી મારા પુત્રનુ વધુ માર માથી બચાવેલો. વધુમાં સર તપાસમાં જણાવે છે કે મારા દિકરાને બેઠો માર વાગેલો. આંક–૨૧ થી કરણકુમાર કિરીટભાઈ મોદી તેઓની જુબાનીમાં જણાવે છે કે આ કામના આરોપી દવારા ઓચીંતા ગડદાપાટુનો માર મારેલો તદઉપરાંત આંક–૨૩ ના સાહેદ હરેશકુમાર જયંતીલાલ મોદી સરતપાસમાં જણાવે છે કે આ કામના

આરોપી દવારા મારા મોટા ભાઈના દિકરા કરણકુમારને આ કામના આરોપી દવારા ગડદાપાટુંનો માર મારતા અમોએ તેમને છોડાવેલા. આ કામના આરોપી દવારા ફરીયાદીને માર માર્યાનું તેવું પ્રાયમાફેશી જણાઈ આવે છે. વધુમાં આ કામના ફરીયાદીને ગાળો બોલતા હોય અપ શબ્દ બોલેલ હોય કે મારઝુડ કરેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોય તે શબ્દશ: આ કામના ફરીયાદી દવારા રજુ કરવમાં આવેલ નથી. તેમજ આ કામના આરોપીઓ વિરુઘ્ઘ આઈ.પી.સી.ની કલમ-૩૨૩ ના આવશ્યક તત્વો પુરવાર કરતા હોય આરોપીઓને ઈ.પી.કો. કલમ-૩૨૩ના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે. જયારે અન્ય ગુનામાં નિર્દોષ ઠરાવવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨૦)** આમ, ઉપરોકત સમગ્ર પુરાવો નજર સમક્ષ રાખતાં આ કામના આરોપીઓએ ફરીયાદીને ગાળો બોલેલ કે અપશબ્દો બોલેલ હોય, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવા કોઈ આક્ષેપો નિ:શંકપણે સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સદંતર નિષ્ફળ રહેલ હોઈ ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની હકીકત સાબિત થતી ન હોઈ, આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેવા મૌખિક તથા સાંયોગિક પુરાવાના અભાવે તેમજ ફરીયાદ પક્ષ આરોપીઓ વિરુઘ્ઘનો કેસ સાબિત કરવામાં સફળ થયેલ ન હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ ''**અંશત:હકારમાં**'' આપીને મુદ્દા નં.૨ અંગે નીચે મજબનો આખરી હુકમ ફરમાવું છું.

**:: હુ ક મ ::**

**(૧)** આ કામના આરોપીઓને ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ - ૩૨૩ અન્વયે દોષિત ઠરાવીને બંને આરોપીઓને રૂા.૧૦૦૦/- (અંકે રૂપિયા

એક હજાર પુરા) વળતર પેટે ફરીયાદીને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો આરોપીઓ ને ૩ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ– ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩)ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ (એ) અન્વયે આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવા સંબંધેના રૂા.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૧/૦૬/૨૦૨૬
મુ.પ્રાંતિજ.
//S.C.P.//

**(આઈ.એમ.શેખ)**
એડી. ચીફ જ્યુડી. મેજી.,પ્રાંતિજ.
(જજ કોડ નં.જીજે૦૧૪૮૫)